# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-03-2026** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, સરકાર ખાડી દેશોમાં ફસાયેલા મુસાફરોને સુરક્ષિત પરત લાવવા કટિબદ્ધ
2. રાજ્ય સરકારે વિવિધ પ્રવાસન અને યાત્રાધામોના વિકાસ માટે 28 કરોડ રૂપિયા મંજૂર કર્યા
3. 89 લાખ રૂપિયાના મૂલ્યની જૂની બનાવટી ચલણી નોટો સાથે અમદાવાદમાંથી બે શખ્સ ઝડપાયા
4. દ્વારકા સહિત રાજ્યના અનેક કૃષ્ણમંદિરમાં હોળી નિમિત્તે ભક્તિભાવપૂર્વક ફૂલડોલ ઉત્સવ ઉજવાયો
5. આગામી 48 કલાક દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# SANGHAVI MIDDLE-EAST

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, સરકાર ખાડી દેશોમાં ફસાયેલા મુસાફરોને સુરક્ષિત પરત લાવવા કટિબદ્ધ છે. ખેડા જિલ્લાના ડાકોરમાં રણછોડરાયજી મંદિરની મુલાકાત દરમિયાન શ્રી સંઘવીએ જણાવ્યું,કે ખાડી દેશોમાં ફસાયેલા ગુજરાત સહિત ભારતીય મુસાફરોને લઈને પ્રથમ ફ્લાઇટ નવી દિલ્હી પહોંચી ગઈ છે.

**(બાઇટ : હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી)**

બીજી તરફ ખાડી દેશોમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે અમદાવાદ હવાઈ મથકે આવતી 7 અને જતી 13 એમ કુલ 20 જેટલી ફ્લાઇટ રદ કરવામાં આવી છે. આ રદ કરાયેલી તમામ ફ્લાઇટ ખાડી દેશોની છે.

# TOURISM GRANT

રાજ્ય સરકારે વિવિધ પ્રવાસન અને યાત્રાધામોના વિકાસ માટે આજે 28 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર જૂનાગઢના ઐતિહાસિક ઉપરકોટ કિલ્લામાં પ્રવાસીઓની સુવિધા માટે નવા પાર્કિંગ, બે અત્યાધુનિક લિફ્ટ મૂકવા સહિતના કામોને મંજૂરી અપાઈ છે.

જ્યારે સુપ્રસિદ્ધ હર્ષદ માતાના મંદિરના વિકાસ માટે સૌથી વધુ 20 કરોડના કામોને મંજૂરી અપાઈ છે. મહેસાણા જિલ્લાના શંખલપુર સ્થિત ટોડા બહુચરાજી મંદિર અને અમરેલીના સુડાવડના આઇશ્રી ખોડિયાર મંદિર ખાતે જનસુવિધાના કામો માટે એક કરોડ રૂપિયાથી વધુની ફાળવણી કરાઇ છે.

ઉપરાંત પંચમહાલ જિલ્લાના ગોધરામાં મહાત્મા ગાંધી દ્વારા 1917માં સ્થાપિત ઐતિહાસિક આશ્રમના નવીનીકરણ માટે ત્રણ કરોડ 36 લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. જ્યારે પરંપરાગત 'ડાંગ દરબાર'ના ભવ્ય આયોજન માટે પણ એક કરોડ 25 લાખ રૂપિયાની નાણાકીય જોગવાઈ કરાઈ છે.

# DIGITAL GUJARAT

ગ્રામપંચાયતોમાં 100 ટકા કનેક્ટિવિટી અને 95 ટકા કરતાં વધુ નેટવર્ક અપટાઇમ સાથે ગુજરાત અગ્રેસર બન્યું છે. તો, ભારતનેટના બીજા તબક્કા અંતર્ગત 321 જેટલી ડિજિટલ સેવાઓ પણ ગામડાઓ સુધી પહોંચી છે.

સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર રાજ્યના આઇ.ટી. અને ડિજિટલ માળખાને સુદ્રઢ બનાવવા આઇ.ટી ઔદ્યોગિક એકમોને અત્યાર સુધીમાં 200 કરોડ રૂપિયાથી વધુ રકમની સહાય આપવામાં આવી છે. બીજી તરફ આ જ દિશામાં રાજ્યમાં ભૂકંપ સામે વહેલી ચેતવણી અને સંશોધન માટે કુલ 110 સિસ્મિક નેટવર્ક સ્ટેશનોની સ્થાપના કરવામાં આવી છે.

# SANGHVI ZERO TOLERNACE

છેલ્લા એક વર્ષમાં 18થી વધુ ગૌ-હત્યારાઓને 7 વર્ષથી લઈને આજીવન કેદ સુધીની સજા અપાવવામાં આવી છે. સુરેન્દ્રનગરના દુધરેજ સ્થિત શ્રી વડવાળા મંદિર ધામ ખાતે યોજાયેલા 'હોળી મહોત્સવ'માં સહભાગી થતાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી એ કહ્યું, રાજ્ય સરકાર ગૌ-હત્યા કરનારા શખ્સ સામે શૂન્ય સહિષ્ણુતાની નીતિ અપનાવી રહી છે.

તેમણે ઉમેર્યું, ગૌ-હત્યા વિરોધી કડક કાયદો લાવીને સરકારે ગૌભક્તોની લાગણીનું સન્માન કર્યું છે.

# GOVERNOR BETHAK

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પ્રાકૃતિક ખેતીને સમયની સૌથી મોટી જરૂરિયાત ગણાવી. રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ અન્વયે કરવામાં આવી રહેલી કામગીરીની સમીક્ષા અર્થે ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે યોજાયેલી બેઠકમાં શ્રી દેવવ્રતે પ્રાકૃતિક ખેતીને જનઆંદોલન બનાવવા માટે સહીયારા પ્રયત્નો કરવા અનુરોધ કર્યો. તેમણે જણાવ્યું, રાજયની કૃષિ યુનિવર્સિટીઓના સંશોધનો દ્વારા સાબિત થયું છે, કે પ્રાકૃતિક ખેતીમાં ઉત્પાદન ઘટતું નથી. બેઠકમાં કૃષિ મંત્રી જીતુ વાઘાણી પણ ઉપસ્થિત રહ્યા હતા.

# HPV VACCINE CLARIFICATION

સર્વાઇકલ કેન્સર સામેની HPV રસી અંગે ફેલાઈ રહેલી ગેરમાન્યતાઓ અંગે આરોગ્ય વિભાગે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે રસી સંપૂર્ણપણે સુરક્ષિત છે. આ અંગે નર્મદા જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી **ડૉ.કે.પી.પટેલે** જણાવ્યું કે, રસી લેવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે. જે આજીવન સુરક્ષા પૂરી પાડે છે.

**(બાઇટ : ડૉ.કે.પી.પટેલ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી)**

દરમિયાન છોટાઉદેપુર જિલ્લામાં ૧૪ વર્ષની કિશોરીઓ માટે નિઃશુલ્ક HPV રસીકરણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન હેઠળ જિલ્લાની અંદાજિત ૧૨,૦૯૭થી વધુ કિશોરીઓને આવરી લેવાશે

**AHMEDABAD NOTE-TABLETS**

અમદાવાદના નરોડા પાસેથી 89 લાખ રૂપિયાના મૂલ્યની જૂની બનાવટી ચલણી નોટો સાથે બે શખ્સ ઝડપાયા છે. મળેલ બાતમીને આધારે પોલીસે તપાસ કરતા ગેલેક્ષી ચાર રસ્તા પાસે એક કારમાંથી ચાર શખ્સ બનાવટી ચલણી નોટ સાથે મળી આવ્યા જેમાંથી બે લોકોને પકડી પાડ્યા હતા જ્યારે અન્ય બે શખ્સ નાસી છૂટ્યા હતા. પોલીસ કારમાંથી જૂની 500ના દરની કુલ 9 હજાર 100 નોટ અને 1000ના દરની 4 હજાર 350 નોટ સહિત કુલ 90 લાખ 15 હજાર રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

બીજી તરફ માદક પદાર્થ વિરોધી દળે અમદાવાદના રાયખડ વિસ્તારમાંથી પ્રતિબંધિત અલ્પ્રાઝોલમ દવાના જથ્થા સાથે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે 12 લાખની કિંમતની 3 હજાર જેટલી ગોળીઓ જપ્ત કરી છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# HOLI CELEBRATION

હોળી પર્વ નિમિત્તે આજે રાજ્યના અનેક કૃષ્ણ મંદિરોમાં ફૂલડોલ ઉત્સવ ઉજવાયો. ત્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજે વહેલી સવારે ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ ડાકોર રણછોડરાયજી મંદિરે યોજાયેલા ફૂલડોલ ઉત્સવમાં સહભાગી થયા. ડાકોરના ઠાકોરના દર્શન કર્યા બાદ શ્રી સંઘવીએ પ્રતિક્રિયા આપી.

(બાઇટ : હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી)

દ્વારકાના જગતમંદિરે પણ યોજાયેલા ફૂલ ડોલ ઉત્સવમાં ભક્તો ભાવવિભોર બન્યા. સાંભળીએ અમારા પ્રતિનિધિ કરણ જોશીનો અહેવાલ..

(વોઇસ કાસ્ટ : કરણ જોશી)

દ્વારકામાં યોજાયેલા ફૂલ ડોલ ઉત્સવમાં જોડાયેલા એક શ્રદ્ધાળુએ પ્રતિક્રિયા આપી..

(બાઈટ : તૃપ્તિ ગઢવી)

અમદાવાદના જગન્નાથ મંદિર સહિતના મંદિરો પણ શ્રદ્ધાળુ દર્શનાર્થે ઉમટ્યા હતા.

# WEATHER

આગામી 48 કલાક દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે. દરિયાકાંઠાના વિસ્તારમાં ગરમ અને ભેજ વાળા પવન ફૂંકાવાની શક્યતાના કારણે ઉકળાટનો અનુભવ થઈ શકે છે તેમ હવામાન વિભાગના નિયામક ડૉ. એ કે દાસે જણાવ્યું.

**(બાઈટ : એ.કે. દાસ, નિયામક, હવામાન વિભાગ)**

# Navsari development work

નવસારીના ચીખલી તાલુકામાં આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે 3 કરોડ 11 લાખ ના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કર્યું.

આ પ્રસંગે મંત્રીશ્રી પટેલે જણાવ્યું કે, માર્ગ ગ્રામ પંચાયત ભવન અને આંગણવાડી જેવા આધારભૂત માળખાં કોઈપણ ગામના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે.

આ કામોમાં નવા માર્ગોના નિર્માણ, રોડ રીસરફેસિંગ, આંગણવાડી બાંધકામ તથા ગ્રામ પંચાયત ભવનના નિર્માણ જેવા કામોનો સમાવેશ થાય છે.

# AHMEDABAD DAK ADALAT

આમદવાદની જી પી ઓ ની ટપાલ સેવાને લગતા પ્રશ્નોનાં નિરાકરણ માટે 24 માર્ચે સવારે 11 વાગ્યાથી ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ ડાક અદાલતમા ફક્ત અમદાવાદ જી પી ઓ ની ટપાલ વિભાગની સેવાઓ જેવીકે મની ઓર્ડર , રજીસ્ટર, અને કાઉન્ટર પરની સેવાઓ ને લગતી ફરિયાદોનો નિકાલ કરવામાં આવશે.આ ફરિયાદો 18 માર્ચ સુધીમાં કસ્ટમર કેર સેંટર અમદાવાદ જી પી ઓ ને મોકલવાની રેહશે.18 માર્ચ બાદ મોકલાયેલી ફરિયાદ વિચારણમાં લેવાશે નહીં.

# AMRELI MVCC CABLE

ઊર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે અમરેલી જિલ્લાના દેવરાજીયા ખાતે મધ્યમ વીજપ્રવાહવાળા MVCC કેબલ લગાડવાની કામગીરીનો આજથી પ્રારંભ કરાયો. આ કામગીરીના પ્રથમ તબક્કામાં જિલ્લામાં 70 કરોડ 62 લાખ રૂપિયાના ખર્ચે 945 કિલોમીટર લંબાઈમાં 45 ફીડરમાં MVCC કેબલ લગાડવામાં આવશે. આ પ્રસંગે શ્રી વેકરીયાએ જણાવ્યું, MVCC કેબલ થી તમામ ઋતુમાં સાતત્યપૂર્ણ વીજળી મળશે અને વૃક્ષોના કારણે થતી ટ્રીપીંગની સમસ્યાથી મુક્તિ મળશે.